# પુસ્તક પરિચય

## સાત પગલાં સાથે

**લેખક :** મીરા ભટ્ટ
**કિંમત :** રૂ. ૭૫.૦૦/-
**પ્રકાશક :** નવભારત સાહિત્ય મંદિર
દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

'સાત પગલાં સાથે' પુસ્તકનો રસાસ્વાદ કરાવો'- સુરેશભાઈની આ વિચિત્ર માંગણી સ્વીકારીને મારા જ એક પુસ્તકનો રસાસ્વાદ નહીં, પણ પરિચય કરાવવાનો પ્રયાસ કરું છું.

'સાત પગલાં સાથે' મારી પહેલી નવલકથા. પ્રસ્તાવનામાં કુન્દનિકાબહેને એ 'ચિંતનકથા' કહી, પરંતુ એનાં મૂળ ચિંતનમાં નહીં, પણ ભીતર ઊઠતી એક ચાહમાં, આરતમાં દેખાય છે. માણસ માત્રના જીવનમાં એક એવો તબક્કો આવે છે જ્યારે કોઈક બીજાના સાથ-સંગાથ માટે ઠેઠ અંદરથી એક પોકાર જાગે છે. જીવન કેવળ 'હું'માં પૂરું થવા નથી માંગતું. પેલો ભીતરનો દુર્નિવાર પોકાર 'હું' થી 'તું' સુધીની જે યાત્રાના મંડાણ કરાવે છે, તેની કથા તે - 'સાત પગલાં સાથે'.

કથા સાવ ટૂંકી છે. અસીમ અને પૂર્ણા જીવનની એવી રાહ પર આવીને ઊભાં છે, જ્યાં કોઈક એવા સાથીસંગાથીની તલાશ છે, જે જીવનનો મનમીત બની શકે. સપનાંનો કોક રાજકુમાર કે પછી 'સપનોં કી રાની'ની આ ખોજયાત્રાની મુલાકાતોમાં બંનેના અંતરંગનો પરિચય પ્રગટ થાય છે. પૂર્ણા ઈચ્છે છે - પરસ્પર સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર. દાંપત્યજીવનમાં સહયાત્રા હોય, અનુસરણ નહીં, બંનેની પ્રતિભા વિકસે. તેમાં બંનેની નિસ્બત નહીં. સમર્પણ નહીં, પણ યથાર્થ સમજણ હોય. દાંપત્યજીવનમાં પરિવારને શક્તિ-સંચારનું ઘટક બનાવવાનો પ્રયાસ હોય. સ્વાતંત્ર્ય અને સમાનતાના મૂલ્યથી ઘણે દૂર લઈ જતા આ સહચારમાં પ્રેમતત્ત્વનો પૂર્ણોદય હોય વગેરે.

આ પ્રકરણોએ મને અનેક ગોષ્ટિઓ કરાવી છે, જેમાં યુવાન મિત્રો સાથે કલાકો ચર્ચા ચાલી. દરેક ગોષ્ટિમાં અંતે લગભગ આ જ અનુભવ આવ્યો કે - વાત તો બધી સાચી, પરંતુ આવું વિચારનારા અને સમજનારા પાત્ર કેટલાં ? એ ક્યાં મળે ?

ત્યારે સૌ એક વાત ગાંઠે બાંધે કે જીવન સાગરકાંઠાના છબછબિયામાં પૂરું નથી થતું. જીવનનું સૌંદર્ય અને રહસ્ય પામવા હોય તો ઊંડા પાણીમાં ઊતરવું પડે છે. જીવનનાં અનંત આયામ છે. એકેએક પળને સચ્ચાઈ અને સમગ્રતાપૂર્વક જીવાય ત્યારે જીવનના કમળદળની પાંદડીઓ ખૂલે છે.

અસીમ-પૂર્ણા પરણે છે અને સહજીવન આરંભાય છે. જીવનનો કોઈ પંથ એવો નથી, જે સડસડાટ, નિર્વિઘ્ને, વગર કોઈ અંતરાયે મુકામે પહોંચાડી દે. મારગમાં કાંટાઝાંખરાં, કાદવકીચડ, ધૂળ-પથરાના અંતરાયો હોય જ. ગમે તેટલું 'સમાનશીલેષુ સખ્યમ્' પ્રયોજાયું હોય, તો પણ ભિન્ન અસ્તિત્વ ક્યારેક તો પોતાની અસ્મિતા પ્રગટ કરે જ. પરસ્પરની આ ભિન્નતા હંમેશાં પચાવી શકાતી નથી, કારણ ભીતરનો અહં જોર કરે છે. એક પ્રસંગે, બંનેની ભિન્નતા માથું ઊંચકે છે અને અસીમની અંદર છૂપાયેલો પુરુષ-અહમ્ કર્ણની ચામડી સાથે જડાયેલા કવચની જેમ ફુંફાડા મારતો જાગી ઊઠે છે અને પૂર્ણાના નાજુક મનને મર્મીલી ઠેસ પહોંચાડી બેસે છે. બંને ઘવાય છે, પરંતુ આખરે જીવન અંગેની સમજ એમને આ દુર્ઘટનામાંથી હેમખેમ પાર પહોંચાડે છે અને અન્યોન્યને વધુ નજીક લાવી મૂકે છે. એમના જીવનની ફૂલછાબમાં ઉમેરાયેલું એક નવું પુષ્પ નવી સુગંધ ફેલાવે છે કે - દાંપત્યજીવનમાં બે હૃદય એક થાય એ માટે પરસ્પર અપાર વિશ્વાસ, અગાધ સ્નેહ અને ઊંડી સમજણ માંગી લે છે. અરસપરસમાં આરપાર ઓગળી ગયા વગર અહંનું બીજ સમેટાતું નથી.

સહજીવનમાં પ્રેમને પ્રગટાવવા માટે એકમેકની અપૂર્ણતાઓને પણ પચાવવી પડે છે. દરેકની પાચનશક્તિ એટલી મજબૂત તો નથી હોતી. પરિણામે ઘણું સહન કરવાનું આવે છે. અસીમ-પૂર્ણાના જીવનમાં પણ આવી એક દુર્ઘટના સર્જાય છે, જે બંનેને આકરા અગ્નિસ્નાનમાંથી પસાર કરાવે છે. બંનેએ માંડી તો છે પ્રેમકથા, પરંતુ પ્રેમના વેશે ક્યારેક વાસનાની વરવી ભૂતાવળો પણ જાગી ઊઠે છે અને માણસનું સ્ખલન કરાવે છે. અસીમના જીવનમાં પણ આવું એક સ્ખલન આવી પડે છે અને ફરી પાછા બેઉ આગમાં પ્રજ્વળે છે. અંતે સો ટચનું સોનુ બનીને નીકળી છે.

આ દુર્ઘટના જીવનનું આ સત્ય સમજાવે છે કે માણસનો

સ્વીકાર આખ્ખેઆખ્ખો થવો જોઈએ, 'બધા જ ગુણદોષોથી ભરેલો જેવો છે તેવો માણસ'. નિરપેક્ષ પ્રેમના કક્કા, બારાખડીના આ પ્રથમ અક્ષર ભણતાં ભણતાં બંનેની જીવનયાત્રા આગળ ધપે છે. વચ્ચે અથડામણો-સંઘર્ષો પોતાની દેખા દેતા રહે છે, પરંતુ બંનેનો ચેતો વિસ્તાર કરીને એ કૃતાર્થ પણ થાય છે.

આ કથામાં સ્ત્રી-પુરુષ વિષેની એક આ ભ્રમણા પણ દૂર કરવાનો પ્રયાસ થયો છે કે – સ્ત્રી પુરુષ બંને અધુરાં, ઓછાં છે. એકમેકને પૂર્ણ કરવા માટે જ સર્જાયા છે. યુગોથી ચાલી આવેલી આ ભ્રામક દંતકથાએ અનેકોનાં જીવનમાં ઊગતી વસંતને ઉજાળી મૂકી છે. ખાસ કરીને 'પુરુષ વગર હું અધૂરી છું.' ની માનસિકતાએ અનેક સ્ત્રીઓને લોખંડથી પણ વધારે મજબુત બેડીથી જકડી રાખી છે. આ ભ્રમણાને કારણે આત્મ-પ્રત્યય જગાડવો મુશ્કેલ થઈ પડે છે. શું સ્ત્રી કે શું પુરુષ – બંનેનું નિરાળું એવું સ્વતંત્ર ચેતન તત્વ છે. બંને સાથે મળીને એકમેકને સમૃદ્ધ જરૂર કરી શકે, પરંતુ કોઈ એક વગર જીવનની સાર્થકતા જ અસંભવ છે એ વાતનો અહીં છેદ ઉડાયો છે. માણસ માત્રનું પોતાનું આગવું વ્યક્તિત્વ છે અને એમાં પૂર્ણતા સંભવ છે.

તદુપરાંત, દાંપત્યજીવનના કોઈ એક તબક્કે સમાજ સાથેનું અનુસંધાન પણ જોડાય અને પરિવારનો લાભ સમાજ-ઘટકને મળે તેની વાત પણ અહીં રજૂ થઈ છે. નિવૃત્તિકાળમાં પૂર્ણા દ્વારા સ્થપાયેલા જનપદ કે 'સ્વયંસિદ્ધ' એ લોકપ્રસ્થાનના મંગળ ચરણરૂપ છે. પતિ-પત્ની બંને સાથે મળીને પહેલા પરિવાર માટે અને પછી બંને સમાજ માટે સહકારથી કામ કરે. આમ જીવનનું વહેણ આગળ ધપે છે.

કથાના અંતિમ ચરણમાં જે વાત મૂકાઈ છે, તે તરફ વાચકોનું ધ્યાન ના દોરું તો મારી વાત અધૂરી રહી જાય તેમ છે. દાંપત્ય જીવન એટલે પ્રેમ દેવતાની આરાધના કરતું મંદિર. આ સહયાત્રામાં મુકામે-મુકામે પ્રેમનો દેવ પોતાનાં નિરનિરાળાં રૂપ પ્રગટ કરતો રહે છે. દાંપત્યજીવનનો વ્યાપ પરિવારથી આગળ વિસ્તરતો જઈ 'લોક'માં પણ સમાપ્ત નથી થઈ જતો. લોકસ્થ જીવન માનવજીવનનું ઇતિશ્રી નથી. એનાથી પણ આગળ કશુંક છે તે વાત અંતિમ ચરણમાં કહેવાઈ છે.

સાગરકાંઠે બંધાયેલા 'અનાયાસ'ના મકાનમાં અસીમ-પૂર્ણાનું વાર્ધક્ય કાંઈક જુદા જ રંગરૂપે પ્રગટ થાય છે. હવે બંને દાદા-દાદી બન્યાં છે અને જીવનનું કેન્દ્ર બની છે નાનકડી પૌત્રી 'પરમ'. હજ પૃથ્વી પર નવીસવી મહેમાન થઈને આવી છે, પણ પોતાની સાથે કોઈ સાવ અજાણ પ્રદેશની ફોરમ ફેલાવતી આવી છે. પરમની આંખોમાં પેલા પ્રેમદેવતાની આછી-પાંખી તસ્વીર અલપઝલપ ઝીલાય છે, અને પૂર્ણા એમાં ખોવાઈ જાય છે. હવે આ પૂર્ણા પહેલાની પૂર્ણા નથી રહી. એ 'લગોલગ' છે, છતાં ય 'અલગ' છે; એ સમીપે છે, છતાંય 'દૂર' છે. 'જાણીતી' છે, છતાં ય 'અજાણી' છે. એ 'હાથવગી' છે છતાં ય 'પકડ' બહાર છે.

આ તે કેવું રૂપ ? પરંતુ આ ખૂબી પૂર્ણાની નથી. આ ખૂબી તો જીવનની છે. જીવનની પળે પળ અભિલાષથી જીવાય, તો પ્રાપ્ત થતી આ સ્થિતિ એ જીવનની કળા છે. જીવનની સમી સાંજનું આ સાંધ્યકાલીન રૂપ પ્રગટ્યા વગરનું રહી જાય તો યાત્રા અધૂરી રહેવાની. આ તો જીવન અને મૃત્યુ એક સાથે જીવવાની ભવ્ય રમણા છે. સાત પગલાં સાથે માંડીને જીવનના આ પરમોચ્ચ તીરથે પહોંચવાનું છે.

ભારતીય દર્શનમાં સૂચવ્યા મુજબ હોવા છતાં ન હોવાથી સ્થિતિ છે. 'વિદેહાવસ્થા'. દેહમાં હોવા છતાં ન હોવાની સ્થિતિ. સઘળું સમેટી લઈને કેવળ સાક્ષીરૂપે હોવાની સ્થિતિ. જીવતાં જીવતાં મૃત્યુને પણ જીવી લેવાની આ જીવવાની શ્રદ્ધા પૂર્ણામાં પ્રગટ થાય છે અને અસીમ એને સાંગોપાંગ ઝીલતો રહે છે – પૂરન ! ગંગા-યમુના એકાકાર થઈ ગયા પછી એની એક જ દિશા છે – ગંગાસાગર!

આમ બે દેહ્યાં પરિપૂર્ણતામાં વિલોપાય છે, એ છે 'સાત પગલાં સાથે'નું અંતિમ ચરણ-વિનોબાએ એક વાર કહેલું કે જે રીતે સાધનાનો આરંભ મૂર્તિપૂજાથી થાય છે, પરંતુ એની પરિસમાપ્તિ મૂર્તિ-વિસર્જનમાં થાય છે, એ જ રીતે ગૃહસ્થધર્મ પણ અંતે 'સંન્યાસ'થી જ કૃતાર્થ થાય છે. આ સંન્યાસ તત્વ જ પરિપૂર્ણ પ્રેમના ચહેરાનું પ્રતિબિંબ ઝીલી શકે છે. પ્રેમમાં જ સંન્યાસનું લાલિત્ય પ્રગટાવવાની શક્તિ છે. સાત પગલાં સાથે માંડીને આ 'પરમ પદારથ' ને પામી શકાય છે. આ અવસ્થાને મારી બીજી નવલકથા 'સમજને કિનારે' માં વિગતવાર વર્ણવાઈ છે.

આરંભમાં જ મેં કહ્યું તેમ આ મારા પુસ્તકનો પરિચય છે, રસાસ્વાદ નથી. કારણ કે રસાસ્વાદમાં વર્ણન કરીને અટકી જવું પડે છે. કોઈનામાં આપણે રસ પેદા ન કરી શકીએ. એ તો ભીતરથી

ફૂટીને ઝરે. આ પુસ્તકનું રસમાધુર્ય તો ત્યારે જ આસ્વાદી શકાય. જ્યારે ભીતરથી રસ ફૂટે. વળી પાછી વિનોબાની જ વ્યાખ્યા યાદ આવે છે, 'રસ એટલે લગનની સચ્ચાઈ'. 'સાત પગલાં સાથે' માંડવાની સાચી લગન હૈયામાં જાગે તો જ એનું માધુર્ય માણી શકાય. એટલા માટે તો કહેવાયું છે કે - લાગી રે લગન !. લગન 'લાગે', લગનને લગાડી શકાય. જેમના હૈયામાં લગન લાગી હશે તેમનાં મ્હોં જરૂર મીઠાં કરાવશે તેવી મને શ્રદ્ધા છે.

અસ્તુ !

## સાત પગલાં સાથે ચાલવાનો આનંદ

આનંદ ઘાસવાળાનું એક કાવ્ય છે :

"જ્યારે એ જન્મ લે છે ત્યારે તમે નારાજ થાઓ છો.
જ્યારે કામ પર જાય છે ત્યારે તમે વિરોધ કરો છો.
જ્યારે ઘરમાં રહે છે ત્યારે તેને આળસુ કહો છો.
જ્યારે લગ્ન કરે છે ત્યારે તેને બાળો છો.
તમે એમના વિના રહી શકો છો ?
તમારી મા ? પત્ની ? બહેન ?"

આ કાવ્યમાં ઘણી વધુ પંક્તિઓ ઉમેરી શકાય :

"પરણીને લાવો છો ત્યારે એને વધાવો છો,
પછી એની પાસે વેઠ કરાવો છો.
એની પાસે આવડત હોય એમ ઈચ્છો છો.
પણ એની પ્રતિભા તમારાથી વધે
તો તમે ઈર્ષ્યા કરો છો.
એનામાં બુદ્ધિ હોય એમ ઈચ્છો છો,
પણ સંપૂર્ણપણે તમારા કબ્જામાં રહે
એવી અપેક્ષા રાખો છો."...

અને આવું ઘણું બધું.

પુરુષ, પુરુષની અસ્મિતા ને એનું અસ્તિત્વ, એનાં અધિકારોને કર્તવ્યો – આ બાબતોને કેન્દ્રમાં રાખીને કોઈ આંદોલન કરવાની જરૂર ક્યારેય ઈતિહાસે જાણી નથી, કારણ કે એ બધું સ્થાપિત થયેલું છે. પણ આજે સ્ત્રીની અસ્મિતા, એનું સ્વાતંત્ર્ય ને એના અધિકાર અને એની શક્તિ સમગ્ર માનવ-જાતિની ઉત્થાનયાત્રામાં એનો બરોબરિયો ફાળો – આ મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને એક આંદોલન, વિશ્વવ્યાપી આંદોલન શરૂ થયું છે. એની પાછળ સ્ત્રી પ્રત્યે સદીઓની સદીઓથી દાખવવામાં આવેલી અવગણના છે, જે આનંદ ઘાસવાળાના કાવ્યમાં તીવ્ર આક્રોશના વેધક સૂરે પ્રગટ થઈ છે. સ્ત્રીઓ વિશેનાં આવાં વિરોધાત્મક વલણોને પરિણામે આ દેશમાં એક તરફ માતૃત્વનો મહિમા થાય છે, તો બીજી તરફ ગર્ભજલ-પરીક્ષણની મદદથી જન્મતાં પહેલાં જ ભાવિ માતા એવી લાખો સ્ત્રીઓની હત્યા કરવામાં આવે છે.

હત્યા એક જ સ્તરે થતી નથી. જન્મથી માંડી મૃત્યુ સુધીની એની યાત્રામાં સૂક્ષ્મ રીતે એના સ્વાતંત્ર્યની, એનાં સપનાંઓની, એની અસ્મિતાની હત્યા થતી આવી છે. મારી 'સાત પગલાં આકાશમાં' નવલકથામાં આ હકીકતોનું નિષ્ઠુર આલેખન છે, પણ હવે ઈતિહાસે પડખું બદલ્યું છે. કેવળ રાજકારણીઓના ઉતારચઢાવની કહાણીને બદલે મનુષ્યતાએ કશુંક સિદ્ધિ કરવા આદરેલા પુરુષાર્થની કહાણીને ઈતિહાસે હવે નોંધવા માંડી છે. રાજકારણ, સમાજ, કલા, ઈતિહાસ, સંસ્કૃતિ, વાણિજ્ય, ઉદ્યોગ – બધાં ક્ષેત્રે પુરુષો અને ફક્ત પુરુષોનું જ પ્રદાન મહદ્ અંશે નોંધવા ટેવાયેલા ઈતિહાસે હવે નજર ફેરવી છે. માનવજાતિના અડધો-અડધ હિસ્સાએ સંસ્કૃતિના ઉત્થાન ક્ષેત્રે આપેલા ફાળાની નોંધ એ લે એવી માંગ ઊભી થાય છે.

સ્ત્રી-પુરુષ સંબંધ એ પ્રાકૃતિક જરૂરિયાત છે, સામાજિક જરૂરિયાત છે, વ્યક્તિની નિજી જરૂરિયાત છે. આ સંબંધનાં અનેક પરિમાણો છે. તે થકી પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ છે. આમ છતાં આજની ઘડી સુધી ને હજુ સાંપ્રતકાળમાં પણ સ્ત્રીની મહત્તાને, તેના આગવા પ્રદાનને, તેની વિશિષ્ટ કર્તૃતાને ઓળખી શક્યાં નથી.

'સાત પગલાં આકાશમાં' આ પરિસ્થિતિ સામેનો એક વિદ્રોહી સૂર છે. 'સાત પગલાં સાથે' આ પરિસ્થિતિથી એક ડગલું આગળ વધે છે. 'શું છે' તેના આલેખન પછી 'શું હોવું જોઈએ', 'શું હોઈ શકે', સખ્યભાવે સાથે જીવતાં સ્ત્રી-પુરુષ કે પતિ-પત્નીની જીવનયાત્રા કેવી હોઈ શકે તેનું આદર્શાત્મક આલેખન આમાં છે. યુવાન અને યુવતી એકમેકને લગ્ન હેતુથી પ્રથમ મળે ત્યારથી માંડી જીવનના અંતિમ શ્વાસ લે ત્યાં સુધી વિધવિધ પરિસ્થિતિમાં આવાં પ્રબુદ્ધ, જાગૃત, એકબીજાનો સમાન આદર કરનાર પતિ-પત્ની કઈ રીતે વર્તે, એકમેક સાથે કઈ રીતે કામ પાર પાડે, નાનાં વિઘ્નો અને મોટી ગંભીર સમસ્યાઓને કઈ રીતે ઉકેલે – તેનું એક સુંદર ચિત્રણ 'સાત પગલાં સાથે' થયેલું છે. આ કૃતિને કથા-નવલકથા કહેતાં મુશ્કેલી પડે તેમ છે, કારણ કે કથાતંતુ અને અભિગમોને રજૂ કરવા થોડાં પાત્રો ને તેમના સંબંધો છે, પણ વાર્તારસ કરતાં કૃતિમાં વિચાર અને દર્શન જ વિશેષ છે. કદાચ આને ચિંતનકથા જેવું નામ આપી શકાય. મુખ્ય ઉદ્દેશ એક આદર્શ જીવન રજૂ કરવાનો છે.

લેખિકા તેમના પ્રાંજલ લેખો દ્વારા, 'ભૂમિપુત્ર'ના સંપાદન દ્વારા ગુજરાતમાં પ્રસિદ્ધ છે. તેમનું ચિંતન, રસમય ભાષા અને સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા રુચિકર રૂપમાં રજૂ થયું છે. પૂર્ણાના મૃત્યુ પછી વેદનામાંથી કશુંક સુંદર નીપજતું હોવાની અસીમની અનુભૂતિ (પ્ર. ૧), કોઈ અન્યનું જીવન વિકસે તો તેમાં હું પણ વિકસું છું - એમ કહેતી પૂર્ણાના વિશાળ માનવ-જીવન સાથેની તદાકારતા (પ્ર. ૨), કુટુંબ-વ્યવસ્થામાં સૌને જવાબદાર બનાવતું, લોકશાહીનું તત્ત્વ વણી લેવાની વિભાવના (પ્ર. ૨), 'એકપક્ષીય' ઓગળી જવું તે... પતિ માટે પણ હિતકારી નથી' - કથનમાંથી પ્રગટતી જીવનલક્ષી હિતથી દૃષ્ટિ (પ્ર. ૩), 'શૂન્ય થવું તે મારો સ્વધર્મ નથી' - એ કથન (પ્ર. ૩), સ્ત્રી-પુરુષની ઓછીવત્તી પ્રતિભાના સંઘર્ષ સંબંધે ફિરકીની ઉપમા (પ્ર. ૩) દીકરો આલોક અને દીકરી વિશ્વાના ઉછેર માટે એક સજાગ, સમાનતાચાહક માતાનો અભિગમ (પ્ર. ૪), સ્ખલન વિશેના અસીમના એકરાર-પછી પૂર્ણાની મનઃસ્થિતિની વ્યાપવાની, પૂર્ણામાંથી સંપૂર્ણમાં વિસ્તરી જવાની વાત (પ્ર. ૮) - આ બધા, સહજીવનને મૂળભૂતપણે સ્પર્શતા મુદ્દાઓ વિશેનું લેખિકાનું ગંભીર ચિંતન કલાત્મક અભિવ્યક્તિનાં ઊંચાં શિખરોને આંબે છે. જેઓ આજની સ્ત્રી-પુરુષ-અસમાનતાનાં વિવિધ ને વરવાં રૂપોથી વ્યથિત છે તેમને આ નાનકડા પુસ્તકમાંથી ઘણું અજવાળું મળી રહેશે. ખડકાળ, તોફાની, જોખમી પરિસ્થિતિઓમાં જ માત્ર નહિ, સહજ-સાધારણ જીવનમાં પણ આ પુસ્તક દીવાદાંડીની ગરજ સારે તેવું છે.

પ્રેમ અને સાહચર્ય વડે જીવનને સુંદર-સમૃદ્ધ બનાવવાની ઈચ્છા ધરાવતાં સૌ કોઈ આ પુસ્તક વાંચે એવી મારી ભલામણ છે. તો 'સાત પગલાં સાથે' ચાલવા થકી આનંદના આકાશમાં ઊડવાની દિશા ઊઘડશે.

નંદિગ્રામ. પો. વાંકલ — કુન્દનિકા કાપડીયા

❒ ❒ ❒ ❒ ❒ ❒


**પ્રકાશક**

**કલ્પેશ જોષી**

મંત્રી, પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)

બી-૨૯, જીસેટ ક્વાટર્સ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

મો. ૯૭૧૨૧ ૯૭૦૮૪

**ટાઈપ સેટીંગ અને મુદ્રક**

**લજ્જા કોમ્યુનિકેશન્સ**

વલ્લભવિદ્યાનગર.

ફોન. : (૦૨૬૯૨) ૨૩૩૮૬૪


## પુસ્તક પ્રેમી પરિવાર (ગુજરાત)

ગુજરાત મધ્યે આણંદ-વિદ્યાનગર સ્થિત પુસ્તક પ્રેમી પરિવાર એક અનૌપચારિક લવચિક તથા બિન નોંધાયેલું વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઉદ્યોગપતિઓ અને નાગરિકો દ્વારા સાકાર થયેલું એકમ છે. જેને સમયનો અભાવ છે, તે છતાં વાંચવા-વિચારવા અને સ્વસ્થ જીવનશૈલી ગોઠવવા હંમેશા તત્પર રહે એવી વ્યક્તિની વાચન-વિચાર ટેવોને પોષવી-સક્રિય કરવી આ એકમનો મુખ્ય ઉદ્દેશ છે. એ દૃષ્ટિએ કાર્યરત એકમ મહિનામાં એક પુસ્તકનો પરિચય કરાવવાનો કાર્યક્રમ આયોજિત કરે છે. આવુ મૈત્રી સભર એકમ રસ ધરાવતા આશરે ૨૫ જેટલા સભ્યોથી સ્વતંત્રપણે કાર્યરત થઈ શકે અથવા પુસ્તક પ્રેમી પરિવારની પેટા શાખા તરીકે સાકાર થઈ શકે. અન્યથા એવા સંજોગોમાં કોઈ સમૂહને આ પ્રકારની પ્રવૃત્તિના આયોજન માટે આવશ્યક સઘળી મદદ કરવાની નેમ ધરાવે છે. આવું એકમ કોઈપણ સ્થળે અને સ્થાને કાર્યરત થઈ શકે. જેમ કે; શાળાઓ, મહાવિદ્યાલયો, અનુસ્નાતક કેન્દ્રો, રાષ્ટ્રીય સમૂહ આયોગ, યુવા કેન્દ્રો કે ઔદ્યોગિક એકમો વગેરે. વ્યક્તિગત અથવા સંસ્થાકીય આયોજન કરવા, વિશેષ માહિતી મેળવવા સંપર્ક સાધવા આવકાર છે...


શ્રી સુરેશ પરીખ
પ્રમુખ
૯૭૨૬૩ ૬૬૭૦૪

(૧) શ્રી પરેશ શાહ, ઉપપ્રમુખ
મો. ૯૮૨૪૩ ૧૨૮૭૦

(૨) શ્રી રેખા પટેલ, ઉપપ્રમુખ
મો. ૯૪૨૭૦ ૪૨૯૯૫

(૩) શ્રી એસ. કે. ઉપાધ્યાય, સહ મંત્રી
મો. ૯૮૨૫૫ ૮૪૧૩૨

(૪) શ્રી હીનલ શાહ, ખજાનચી
મો. ૯૭૨૭૫ ૫૪૮૪૮


❒

❒ ❒ ❒ ❒ ❒

**BOOK-POST**

PRINTED MATTER

TO : ____________________

____________________

____________________

____________________

PIN : [ | | | | | ]